**ચી.પ.કૃષિ મહાવિદ્યાલય, સ.દાં.કૃષિ યુનિવર્સિટી,**
**સરદારકૃષિનગર–૩૮૫૫૦૬, જી.બનાસકાંઠા**

**<u>ટૂંકી મુદતની નિવિદા</u>**

અત્રેની યુનિવર્સિટીના એગ્રો ટેક પાર્કમાં  અંદાજે ૧.૨ હેકટરમાં ફુવારા અને ૧ હેકટરમાં ટપક પિયત પધ્ધતિ ગોઠવવાની થાય છે. તો  ટપક અને ફુવારા સિંચાઈના મટીરીયલ સપ્લાય કરતી અને નિયત કરેલ કંપની / ઓથોરાઈઝ ડીલર/ સપ્લાયર્સને એગ્રો ટેક પાર્કનો સર્વે કરી અને નકકી કરેલ લે આઉટ મુજબ ટપક અને ફુવારા સીસ્ટમનાં એસ્ટીમેટ અને જી.જી.આર.સી. ના ભાવોની સાપેક્ષમાં ડીસ્કાઉન્ટ ઓફર તા. ૧૭.૨.૨૦૧૮ સુધીમાં નીચે સહી કરનારને પોસ્ટ/ કુરીયરથી મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગેની બોલીઓ અને શરતો યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર જોઈ શકાશે.

**આચાર્ય**

# સુક્ષ્મ પિયત પધ્ધતિ મટીરીયલ સપ્લાય કરવા માટે બોલીઓ અને શરતો

| | |
|---|---|
| ૧. | અત્રેની યુનિવર્સિટી ધ્વારા નીચે મુજબની કંપની / સપ્લાયર્સને ભાવ મોકલવા જણાવવામાં આવે છે.<br>અ. નેટાફીન ઈરીગેશન     બ. જૈન ઈરીગેશન પ્રા.લી.<br>ક. ઈ.પી.સી.મહિન્દ્રા લી.     ડ. પરીક્ષિત ઈન્ડસ્ટ્રીઝ લી. |

૨. સુક્ષ્મ પિયત પધ્ધતિ મટીરીયલ્સ સપ્લાય કરવા માટે એગ્રોટેક પાર્કનો સર્વે કરી અને અત્રેથી નિયત કરવામાં આવેલ લે–આઉટ મુજબ, સબંધિત વૈજ્ઞાનિકશ્રીઓના સંપર્કમાં રહી માલ સામાનનો એસ્ટીમેટ બનાવવાનો રહેશે

૩. સુક્ષ્મ પિયત પધ્ધતિ માટે જી.જી.આર.સી માન્ય કંપનીઓના સમાન હોવાથી ભાવ / એસ્ટીમેટ મોકલનાર કંપની /સપ્લાયર્સ જી.જી.આર.સી ભાવોની સાપેક્ષમાં ડીસકાઉન્ટ ઓફર મોકલી આપવાના રહેશે. મહંતમ ડીસ્કાઉન્ટ ઓફર કરનારના ભાવ મંજુર કરવામાં આવશે. ભાવ / એસ્ટીમેટ સંપૂર્ણ ટેક્ષ તથા સિસ્ટમ ગોઠવણી સાથેના મોકલવાના રહેશે.

૪. એગ્રોટેક પાર્કમાં અંદાજે ૪ હેકટર વિસ્તારમાં તબ્બકા વાર સુક્ષ્મ પિયત પધ્ધતિ ગોઠવવાની રહે છે. પ્રથમ તબ્બકામાં એગ્રોટેક પાર્કના નિયત લે–આઉટ મુજબ અંદાજે એક હેકટરમાં ટપક અને ૧.૨ હેકટરમાં ફુવારાની પિયત પધ્ધતિ સંપૂર્ણ માલસામાન સાથે ગોઠવી આપવાની રહેશે. તે પછીના તબ્બકા માટે તેમજ જરૂરિયાતના સમયે જરૂરયાત મુજબનું મટેરીયલ પ્રવર્તમાન જી.જી.આર.સીના દર ઉપર ઓફર કરેલ ડીસ્કાઉન્ટના દરે પુરૂ પાડવાનું રહેશે

૫. માલ–સામાન મટીરીયલ કંપનીની નિયત બ્રાન્ડનું પુરૂ પાડવાનું રહેશે.

૬. સિસ્ટમની ગોઠવણી પાર્કની જરૂરિયાત મુજબ માલ–સામાન વાપરી અને યોગ્ય રીતે કરવાની રહેશે.

૭. પાર્કમાં આયોજીત જુદા જુદા પ્લોટમાં પાકની વાવણી તેમજ ચાલતી અન્ય કામગીરીને અનુકૂળ રહીને સિસ્ટમની ગોઠવણી કરવાની રહેશે.

૮. ઓર્ડરની તારીખથી દિન–૦૫ માં સિસ્ટમની ગોઠવણી પૂર્ણ કરવાની રહેશે.

૯. યુનિવર્સિટીમાં એડમાન્સ પેમેન્ટની વ્યવસ્થા નથી. કામગીરી સંતોષકારક પુર્ણ થતાં નિદર્શન બાદ ચુકવણું ડીડી/ ચેકથી કરવામાં આવશે

૧૦. જાહેરાતમાં જણાવ્યા મુજબ આ અંગેના ભાવ / એસ્ટીમેટ સાથે ઓફર કરેલ ડીસ્કાઉન્ટ બંધ કવરમાં **" આચાર્યશ્રી, ચી.પ.કૃષિ મહાવિદ્યાલય, સ.દાંકૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર"** ના નામે તાઃ૧૭–૦૨–૨૦૧૮સુધીમાં પોસ્ટ / કુરીયરથી મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બહાર મળેલ ભાવ / એસ્ટીમેટ સ્વીકારવામાં આવશે નહિ.

**આચાર્ય**